# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથે વાતચીત કરી.
2) પ્રધાનમંત્રી આવતીકાલે સવારે 11 વાગે 'મન કી બાત ' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છમાં વિવિધ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું-શિક્ષણને દરેક સમસ્યાનું સમાધાન ગણાવ્યું
4) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદ અને પંચમહાલ જિલ્લામાં વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
5) રાજ્યના 164 તાલુકામાં આજે વરસાદ-કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી
6) કચ્છ જિલ્લાના ભુજ ખાતે રાષ્ટ્રીય કક્ષાની સિનિયર મહિલા હેન્ડબોલ સ્પર્ધાનો આરંભ

-----------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRIME MINISTER - SHUBHANSHU SHUKLA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથે વાતચીત કરી હતી. બુધવારે , ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને લઈને જતું એક્સિઓમ- 4 મિશન અમેરિકાના ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. કેપ્ટન શુક્લા અવકાશમાં મુસાફરી કરનાર બીજા ભારતીય અવકાશયાત્રી છે. ચાર દાયકા પહેલા, વિંગ કમાન્ડર રાકેશ શર્માએ 1984માં સોવિયેત મિશન હેઠળ અવકાશમાં મુસાફરી કરી હતી.

. . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 123મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

..............................

# CM KUTCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આજની દરેક સમસ્યાનું સમાધાન શિક્ષણમાં જ રહેલું છે. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- 2025 અંતર્ગત કચ્છ જિલ્લાના કુરન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે માત્ર શાળામાં પ્રવેશ મેળવવો પૂરતો નથી, પરંતુ અભ્યાસ પૂર્ણ કરવો પણ એટલો જ જરૂરી છે . કચ્છ જિલ્લામાં શિક્ષકોની ઘટને પહોંચી વળવા 4 હજાર 100 શિક્ષકોની ભરતી કરવામાં આવી રહી છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે શ્રી પટેલે 104 બાળકોનું શાળા નામાંકન કરાવ્યું હતું. પ્રવેશ મેળવનારા બાળકો સાથે મુખ્યમંત્રીએ સંવાદ કર્યો હતો અને શાળા સંચાલન સમિતિના સભ્યો સાથે બેઠક યોજીને શાળા તથા ગામની સુવિધાઓ , શિક્ષણની સ્થિતિ અને અન્ય વિકાસલક્ષી વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે કચ્છમાં 107 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ગાંધીધામના વિવિધ વિસ્તારમાં માર્ગની કામગીરી, અંજાર અને ગાંધીધામ ખાતે અનુક્રમે મામલતદાર કચેરીઓ , ગાંધીધામ ખાતે વિવિધ આવાસ , સબ રજિસ્ટ્રાર કચેરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કચ્છ જિલ્લાની 27 પ્રાથમિક શાળાઓમાં 120 નવીન ઓરડા અને 6 માધ્યમિક શાળા તથા 3 ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નવીન મકાનનું લોકાર્પણ કરાયું. કચ્છના પ્રવાસ દરમિયાન શ્રી પટેલે નિર્માણાધિન કુરન ચેકડેમની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

**ભુજ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિશાળ વિસ્તારમાં નિર્માણ પામનાર શૌર્યના પ્રતીકસમાન સિંદૂરવનનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું.**

. . . . . . . . . . . . .

# SHALA PRVESHOTSAV-STATE-1

સમગ્ર રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનાં અંતિમ દિવસે રાજ્યની વિવિધ શાળાઓમાં બાળકોને હર્ષભેર પ્રવેશ અપાયો.

સુરતના ઉધના ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે બાળવાટિકા અને પહેલા ધોરણના બાળકોને કુમકુમ તિલક કરી અને શૈક્ષણિક કીટ , યુનિફોર્મ, સ્કુલ બેગ, આપી ઉમળકાભેર શાળામાં પ્રવેશ કરાવાયો હતો.આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ સમાજને શિક્ષણના યજ્ઞ માટે સૌની આહૂતિ જોઈને શાળા પ્રવેશોત્સવ સાચે જ સમાજોત્સવ બન્યો હોવાનું કહ્યું હતું. શાળાની વિવિધ સ્પર્ધાકીય પરીક્ષામાં સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે રાજકોટ જિલ્લાના રાણીંગપર, ભાડલા અને ગોખલાણા ગામે યોજાયેલા કાર્યક્રમોમાં અંદાજે ૫૦૦ જેટલા બાળકોનો શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે આવેલ ઉમા સંસ્કાર વિદ્યાલય ખાતે ધોરણ 9 તથા 11 ના બાળકોને રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોશીએ પ્રવેશ અપાવીને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીનાં અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘે અમદાવાદમાં રામદેવપીરજી ટેકરા મ્યુનિસિપાલિટી શાળાની આંગણવાડીમાં શાળા પ્રવેશ કરાવ્યો હતો. દરમિયાન સગર્ભા માતાઓને માતૃશક્તિના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને બાળકોને અન્નપ્રાશન કરાવવામાં આવ્યું હતું...1

# SHALA PRVESHOTSAV-STATE-2

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકીએ  વિદ્યાર્થીઓને પાઠયપુસ્તક સાથેની શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે રમણભાઈ સોલંકીએ પ્રવેશ મેળવી રહેલા બાળકોને અભિનંદન આપતા ઉચ્ચ શિક્ષણનું મહત્વ સમજાવતા કહ્યું કે   ,શિક્ષણ એ સફળ અને ઉજ્જવળ જીવનનો પ્રથમ અને મૂળભૂત પાયો છે.

(બાઈટ રમણભાઈ સોલંકી નાયબ મુખ્ય દંડક)

. . . . . . . . . . . . .

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના આદરોડા ગામમાં વિવિધ કામોનું લોકાર્પણ કર્યું. જેમાં ADC બેન્ક, સેવા સહકારી મંડળી, કોમ્યુનિટી હૉલ સહિતનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે સાણંદ વિધાનસભાના 54 ગામોમાં GIDC દ્વારા પ્રાથમિક સુવિધા અપાશે.

(બાઇટ: અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી)

શ્રી શાહે સાણંદના જુવાલ ગામમાં પ્રાથમિક શાળા , ફાંગડી પંચાયત ઘરનું લોકાર્પણ તેમજ સાણંદ GIDCમાં નવનિર્મિત ઑક્સીજન પાર્કમાં વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ શ્રી શાહ સાણંદ GIDCના ઉદ્યોગકારો સાથે વિચારવિમર્શ કરશે. અગાઉ , તેમણે પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત શ્રી ગોવિંદ ગુરુ વિશ્વવિદ્યાલય ખાતે વિવિધ પરિયોજનાઓનું ઇ-લોકાર્પણ તથા ઇ-ખાતમુહૂર્ત કર્યું. તેમણે નવનિર્મિત સેન્ટર ઓફ એક્સલન્સ ભવનનું લોકાર્પણ , મિયાવાકી પદ્ધતિથી વાવેતરનું લોકાર્પણ જળાશય લોકાર્પણ, રમતગમત સંકુલનું લોકાર્પણ કર્યું.

. . . . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યના 164 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. પંચમહાલ જિલ્લાના અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી વધુ વરસાદ વરસ્યો છે. જાંબુઘોડા અને દ્વારકામાં અઢી ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત પોરબંદર, ભરૂચ સહિત અન્ય 10 જિલ્લામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે દેવભૂમિ દ્વારકા જિલ્લાના લાલપરડા ગામમાં કુલકુ નદી બે કાંઠે વહેતી થઈ.

દેવભૂમિ દ્વારકા જીલ્લાના મોટા આસોટા ગામ પાસે કાનબેટડી ટાપુ તરફ દરિયામાં ફસાયેલ બે નાના બાળકો સહિત કુલ 3 વ્યક્તિનું રેસ્ક્યુ કરાયું. બપોર બાદ અમદાવાદમાં ભારે વરસાદ શરૂ થયો હતો. રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો 29 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. રાજ્યના 18 જળાશય હાઇ એલર્ટ પર અને 15 જળાશય એલર્ટ પર છે. 13 જળાશય 100 ટકા ભરાયા છે.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી 4 દિવસ માટે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાઅનુસાર આવતીકાલે કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં વરસાદનું ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ અપાયું છે. જ્યારે સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકા અને પોરબંદર, ઉત્તર અને ઉત્તર પૂર્વી ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ તેમજ દક્ષિણ ગુજરાતમાં નવસારી વલસાડ દમણ અને દાદરા નગર હવેલીમાં યલો એલર્ટ જાહેર કરાતા ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું.

(બાઇટ: ડૉ.એ.કે.દાસ, નિયામક)

. . . . . . . . . .

# KUTCH WOMEN HANDBALL

કચ્છ જિલ્લાના ભુજ ખાતે રાષ્ટ્રીયકક્ષાની સિનિયર મહિલા હેન્ડબોલ સ્પર્ધાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આરંભ થયો છે. કચ્છી લેઉવા પટેલ સમાજના સરદાર પટેલ વિદ્યા સંકુલ ખાતે 3 જુલાઇ સુધી આયોજિત આ સ્પર્ધામાં 30 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની ટીમના 540 મહિલા ખેલાડી ભાગ લેશે. આ સ્પર્ધામાં અર્ધલશ્કરી દળોના મહિલા ખેલાડીઓ પણ પોતાનું કૌવત દર્શાવશે.

. . . . . . . . . . .